બાઈક સાથે કેનાલમાં પડેલા યુવાનનો મૃતદેહ નીકળ્યો

સાબરમતી વિસ્તારનો યુવાન હતો : કેનાલમાં કેવી રીતે પડ્યો તેની તપાસ ચાલુ

ગાંધીનગર, તા. ૫

સુઘડ નર્મદા કેનાલમાં ગઈ સાંજે એક યુવાન પલ્સર બાઈક સાથે ખાબક્યો હતો. ફાયરબ્રિગેડની ટીમે બાઈક બહાર કાઢી નાંખ્યું હતું, પરંતુ પાણીના વ્હેણને લીધે યુવાન મળી આવ્યો ન હતો. ૨૪ કલાક બાદ આજે બપોરે યુવાનનો મૃતદેહ કેનાલમાંથી મળી આવ્યો હતો. અમદાવાદના સાબરમતી વિસ્તારનો યુવાન હોવાનું બહાર આવ્યું છે. અડાલજ પોલીસે આ ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

નવા નક્કોર વાદળી રંગના પલ્સર બાઈક સાથે સુઘડ કેનાલમાં પડેલા યુવાનને શોધવા અમદાવાદ અને ગાંધીનગરની ફાયરબ્રિગેડની ટીમે ખુબ મહેનત કરી હતી પરંતુ મળી આવ્યો ન હતો. દરમ્યાન આજે બપોરે ફાયરબ્રિગેડની ટીમને મૃતદેહ મળી આવ્યો હતો. અમદાવાદના સાબરમતી વિસ્તાર ખાતે નરસિંહભાઈની ચાલીમાં રહેતા ૨૨ વર્ષિય મુકેશજી નટુજી ઠાકોરનો મૃતદેહ હોવાનું અડાલજ પોલીસે કરેલી તપાસમાં ખુલ્યું છે. આ યુવાન કેનાલમાં કેવી રીતે બાઈક સાથે પડ્યો હતો ? આપઘાત હતો કે અકસ્માત ? તે સહિતની વધુ તપાસ અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને હાથ ધરી છે.

સે. ૨૨ શોપીંગમાં પાર્ક કરેલી ગાડીમાંથી લોગો ચોરીનો પ્રયાસ

બે વિદ્યાર્થીઓ ફોક્સવેગનમાંથી લોગો કાઢતાં દેખાઈ જતા બુમાબુમ થઈ : બન્ને ભાગી ગયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં કિમતી ગાડીઓના લોગો ચોરી જવાના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. તેની સામે લોગો ચોરી કરતા પણ અગાઉ બે ગેંગ ઝડપાઈ ગયેલી છે. દરમ્યાન આજે સવારના ૧૧ વાગ્યાના અરસામાં બે વિદ્યાર્થીઓ સે. ૨૨ શોપીંગ પાસેથી એક ગાડીનો લોગો કાઢતા દેખાઈ જતા બુમાબુમ થઈ ગઈ હતી. તેને પગલે બન્ને શખ્સો ભાગી ગયા હતા. જો કે લોગો ચોરીના પ્રયાસ અંગે પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી.

સવારે ૧૧ વાગ્યાના અરસામાં વિદ્યાર્થીઓ સે. ૨૨ શોપીંગ સેન્ટર પાસે ઈન્ક્વાયરીની નજીક પાર્ક થયેલી ફોક્સવેગન ગાડીનો લોગો ચોરી કરી રહ્યા હતા તે દરમ્યાન અચાનક ત્યાં ઉભેલા લોકોનું ધ્યાન બન્ને પર પડતા બુમાબુમ કરી મુકી હતી અને તે બન્નેને પકડવા દોટ મુકી હતી. બુમો સાંભળીને અને લોકોને તેમની તરફ આવતા જોઈને બન્ને જણા ભાગ્યા હતા. લોગો ચોરી કરવામાં નિષ્ફળ ગયેલા બન્ને શખ્સો રફ્ફુચક્કર થઈ જવામાં સફળ રહ્યા હતા. આ બનાવ અંગે ચોરીના નિષ્ફળ પ્રયાસ સંદર્ભે કોઈ ફરીયાદ પોલીસમથકે કરવામાં આવી ન હતી.

ગુજરાત નાગર પરિષદ દ્વારા આજે ગાંધીનગરમાં એક જીવન સાથી પસંદગી મેળાનું આયોજન કરાયું હતું. ૫૦૦થી વધુ યુવક-યુવતીઓએ આ મેળામાં ભાગ લીધો હતો. આ મેળાના આયોજકોએ મેળાના આયોજનનો હેતુ સમજાવતા કહ્યું હતું કે, સામાજિક એકતા માટે આ મેળાનું આયોજન કરાયું છે. મોરારિ બાપુના લઘુબંધુ રામેશ્વર હરિયાણીએ આર્શીવચન પાઠવ્યા હતા.

વૃધ્ધાશ્રમનું લાંબુ વેઈટીંગ લિસ્ટ જોઈ વડિલોને મળવા ગયેલા વિદ્યાર્થીઓ વ્યથિત

ગાંધીનગર, તા. ૫

વિશ્વની સર્વશ્રેષ્ઠ શાળા એ વૃધ્ધોના પગમાં હોય છે એવા સન્માનિય વૃધ્ધો જ્યારે ઓશિયાળા થઈ વૃધ્ધાશ્રમના હવાલે થાય ત્યારે સમાજની કરૂણ બાજુનો ચિતાર દેખાય છે.

ગાંધીનગરની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.સી. પટેલ શાળાના વિદ્યાર્થીઓએ નાચગાન સાથેની ૩૧ ડિસેમ્બર ઉજવવાની જગ્યાએ એમના શિક્ષકોના સંવેદના સભર કાર્ય કરવા માટેની અપીલના ભાગરૂપે સૌ વિદ્યાર્થીઓ કેલાસધાન વૃધ્ધાશ્રમની મુલાકાત લઈ આવ્યા અને અનુભવનું ભાથુ બાંધી આવ્યાં.

ઉછળકૂદ અને સ્વચ્છંદી જીંદગી જીવતા વિદ્યાર્થીઓને સમાજમાં કરવા જેવા અનેક કાર્યો છે એનો લાગણીસભર અનુભવ કરાવવા શિક્ષકો ડૉ. અરવિંદ પટેલ અને તેજેન્દ્ર પટેલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. વિદ્યાર્થીઓના પોકેટ મનીમાંથી તલનું કચરીયું અને ફળોનો કરંડીયો ભરી વિદ્યાર્થીઓએ વૃદ્ધોની વેદનાને જાણવાનો પ્રયત્ન કર્યો.

આજના સમાજની અવદશા સમાન વૃધ્ધોની વ્યથા અને વૃધ્ધાશ્રમનું લાંબુ વેઈટીંગ લીસ્ટ જોઈ વિદ્યાર્થીઓ વ્યથિત થઈ ગયા. બીજા સુધરે કે નહી પણ મુલાકાત લેનારા વિદ્યાર્થીઓ તો અવશ્ય એમના મા-બાપને વૃધ્ધાશ્રમે નહી મોકલે એવો સૌએ મનોમન સંકલ્પ કર્યો. મોજ મસ્તી સાથે આના સામાજીક કાર્યો જ વિદ્યાર્થીઓના જીવનમાં નવો વળાંક લાવે છે. શાળાના શિક્ષકો અને મુલાકાત લેનારાં વિદ્યાર્થીઓ ધન્યવાદને પાત્ર છે.

મફતભાઈ પટેલ હાલ એએપીમાં નહીં જોડાય

ગુજરાતના મહેસુલમંત્રી આનંદીબેન પટેલના પતિ ડો.મફતભાઈ પટેલ હાલમાં આમ આદમી પાર્ટીમાં જોડાશે નહીં. મફતભાઈ પટેલે આ સંદર્ભમાં માહિતી આપતા કહ્યું છે કે, પરિવારના તીવ્ર દબાણના કારણે હાલમાં તેઓ આમ આદમી પાર્ટીમાં જોડાનાર નથી. લોકસભાની ચુંટણી સુધી આવી કોઈ યોજના ધરાવતા નથી. પરંતુ લોકસભાની ચુંટણી પૂર્ણ થઈ ગયા બાદ આમ આદમી પાર્ટીમાં સામેલ થવું જોઈએ કે કેમ તે અંગે ચોક્કસપણે વિચારણા કરશે.

નભોઈ કેનાલમાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર નજીક આવેલી નભોઈ નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં એક અજાણ્યા આશરે ૨૮ થી ૩૦ વર્ષના યુવાનનો તરતો મૃતદેહ મળી આવતા અડાલજ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તેની ઓળખવિધિ તથા વાલીવારસની શોધખોળ માટે તજવીજ શરૂ કરી છે. યુવાનના ડાબા હાથે છુંદણાથી ગીતા, કાજલ અને અશોકકુમાર ત્રણ નામ ત્રોફાવેલા છે.

પેન્શનર્સ સમાજની સામાન્ય સભા મળશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિ સામાન્ય સભા તા. ૨૭ જાન્યુઆરી બપોરે ૩.૦૦ કલાકે ડૉ. આંબેડકર ભવન સે. ૧૨ ખાતે સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિની અધ્યક્ષતામાં મળશે. બેઠકમાં વર્ષ ૨૦૧૨-૧૩ના વાર્ષિક હિસાબોને અનુમોદન આપવામાં આવશે.

મહિલા કોન્સ્ટેબલને બદનામ કરવા

સેક્સ પાર્લરની પત્રીકાઓ ફરતી કરાઈ : તપાસ એલ.સી.બી. કરશે

આઈ.ટી.એક્ટ હેઠળ પણ ગુનો નોંધાશે : સોશ્યલ નેટવર્કીંગ સાઈટ્સ પર પણ પત્રીકાઓ ફરતી થઈ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર ખાતે એસઆરપી મહિલા કોન્સ્ટેબલને બદનામ કરવાના હેતુસર કોઈ તત્વોએ સેક્સ પાર્લરના શિર્ષક હેઠળ પત્રીકાઓ બનાવી દેતા ચકચાર મચી જવા પામી છે. મોબાઈલ નંબરથી માંડીને ભાવપત્રકનો આ પત્રીકામાં સમાવેશ કરવામાં આવ્યો છે. મહિલા કોન્સ્ટેબલને ધ્યાને આ બાબત આવતા તેણીએ એના પતીને જાણ કરી હતી અને સે. ૨૧ પોલીસમથકે અરજી કરી છે. આ અંગે એના પતીએ એલસીબીને જાણ કરતાં કૃત્યને ગંભીરતાથી લઈ ગાંધીનગર એલસીબીએ આ તપાસ શરૂ કરી છે.

વૉટ્સએપ, ફેસબુક સહિતની સોશ્યલ સાઈટ્સ પર પણ આ પત્રીકાઓ ફરવા લાગી છે. જેમાં મોબાઈલ નંબર, ભાવપત્રક, સરનામુ પણ ચિતરવામાં આવ્યું છે. આ પત્રીકા અંગે એસઆરપી મહિલા કોન્સ્ટેબલને જાણ થતા તેણીને બદનામ કરવા કોઈ તત્વોએ આ કૃત્ય કર્યું હોવા અંગેની જાણ તેમના એના પતી અને અરજી સ્વરૂપે પોલીસને કરી છે. એના પતીએ ગાંધીનગર એલસીબી પી.આઈ. આસુતોષ પરમારનું ધ્યાન આ બાબતે દોરતા તેમણે પણ આ બાબતને ગંભીરતાથી લઈ આરોપીઓને શોધી કાઢવા ટીમ દોડાવી તપાસ શરૂ કરી છે. જરૂર જણાશે તો આ આઈ.ટી.એક્ટ હેઠળ પણ ગુનો નોંધવામાં આવશે તેમ એલસીબી પીઆઈએ જણાવ્યું છે.

ગોહીલ ફાર્મમાં થયેલી ચોકીદારની હત્યા પ્રકરણમાં પોલીસની બે ટીમ દોડી

ચોકીદારની સાચી ઓળખ અને હત્યારાની શોધખોળ માટે ભાવનગર અને પોરબંદર ટીમ દોડાવાઈ

ગાંધીનગર, તા. ૫

અઠવાડીયા અગાઉ સરગાસણ પાસે ગોહીલ ફાર્મમાં થયેલી ચોકીદારની કરપીણ હત્યા પ્રકરણમાં હત્યારા તરીકે શંકાની સોય બિલ્ડર હેમરાજ પર છે. આ પ્રકરણમાં મૃતક ચોકીદારની સાચી ઓળખ ન થઈ હોવાથી તે માટે અને હત્યારા સુધી પહોંચવા માટે પોલીસે એક ટીમ ભાવનગર અને બીજી ટીમ પોરબંદર દોડાવી તપાસને તેજ બનાવી છે.

સરગાસણ ગોહીલફાર્મમાં થયેલી ચોકીદારની હત્યા બાદ જે વ્યક્તિ ગાડીમાં લઈને તેને સિવિલ હોસ્પિટલ મુકવા ગયો હતો તે બિલ્ડર હેમરાજનો હવે પત્તો નથી તે ઉપરાંત તેને આપેલા કેટલાક જવાબોએ પોલીસને પહેલેથી જ શંકા કરવા મજબુર કરી દીધી હતી. તો બીજી તરફ મરણ જનાર ચોકીદારનો પણ કોઈ સાચો પત્તો મળતો નથી. તેનું સાચુ નામથી માંડીને તેના વાલીવારસ કે ઓળખ પણ મળતા નથી તેથી સે. ૭ પોલીસે બે ટીમને તપાસ માટે રવાના કરી છે. એક ટીમ ભાવનગર તો બીજી ટીમ પોરબંદર તરફ દોડતી થઈ છે. હવે જોવું રહ્યું કે અઠવાડીયાથી વધુ સમય થઈ ગયા બાદ પણ ન ઉકેલાયેલો આ હત્યાનો ભેદ ક્યારે ઉકેલાય છે ?

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના ૩૭ દેશોમાં આવેલ ૯૦૦૦ સેવા કેન્દ્રો જાન્યુઆરી-૨૦૧૪ને તપસ્યા માસ તરીકે ઉજવે છે. જે અંતર્ગત સ્થાનિક સેવા કેન્દ્ર સેક્ટર-૨૮ ખાતે તા. ૫ જાન્યુઆરી રવિવારના રોજ આંતરિક ડેવલપમેન્ટ કાર્યક્રમ 'યોગ ભઠ્ઠી'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજયોગી બી.કે. રામનાથભાઈ, માઉન્ટ આબુ સંયોજક અને રાજયોગીની બી.કે. કૈલાશદીદી, સંચાલિકા ગાંધીનગર સહિત ૫૦૦ જેટલા બ્રહ્માકુમાર ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

૨૦૧૪માં ફક્ત ૯૦ દિવસ જ લગ્નોના મુહૂર્ત

મુહૂર્ત ઓછા હોવાથી ટૂંકા ગાળામાં લગ્નવાંચ્છુઓને દોડાદોડ કરવી પડશે : સારા મુહૂર્તમાં ખૂબ લગ્નો થશે

ગાંધીનગર, તા. ૫

આ વર્ષે લગ્નોના ખુબ ઓછા મુહૂર્ત છે. વર્ષના ૩૬૫ દિવસમાંથી ફક્ત ૯૦ દિવસોમાં જ શરણાઈની સુરાવલીઓ સાંભળવા મળશે.

આ વર્ષે લગ્નવાંચ્છુ યુવક-યુવતિઓ માટે સારા મુહૂર્તના દિવસો ખુબ ઓછા છે. ગયા વર્ષે ૧૨૬ દિવસમાં મુહૂર્ત સારા હતા તેની તુલનામાં આ વર્ષે માત્ર ૯૦ દિવસો જ લગ્ન માટે સારા છે. આ વર્ષે જાન્યુઆરી માસમાં ઉત્તરાયણ પછી ફુમુરતા ઉતરશે અને લગ્ન જેવા શુભ કાર્યો થઈ શકશે. જાન્યુઆરીમાં માત્ર ૧૧ દિવસ સારૂ મુરત છે. ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૨૮મી જાન્યુઆરીએ લગ્નો થઈ શકશે. આ ઉપરાંત ફેબ્રુઆરીમાં ૩, ૪, ૮, ૯, ૧૦, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, અને ૨૬મી તારીખે શુભ મુહૂર્ત છે. આ રીતે ૧૬ દિવસ લગ્નગીતો ગાઈ શકાશે. માર્ચ મહિનામાં ૭ દિવસ શુભ છે. જેમાં તા. ૨, ૩, ૪, ૭, ૮, ૯ અને ૧૪ માર્ચનો સમાવેશ થાય છે. એપ્રિલ માસમાં ૯ દિવસ સુધી સારૂ મુરત છે. જેમાં તા. ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૬ અને ૨૭ એપ્રિલનો સમાવેશ થાય છે. મે મહિનામાં ૧૫ દિવસ લગ્નો માટે શુભ છે. જેમાં તા. ૧, ૨, ૭, ૮, ૧૦, ૧૧, ૧૩, ૧૫, ૧૭, ૧૯, ૨૩, ૨૪, ૨૫, ૨૯ અને ૩૦ મે નો સમાવેશ થાય છે. જૂન માસમાં લગ્નો માટે સૌથી વધુ દિવસો સારા મુહૂર્ત રહેશે. જેમાં ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૯, ૨૦, ૨૧, ૨૪, ૨૫ અને ૨૬મી તારીખે લગ્નોની ધૂમ રહેશે. જુલાઈ માસમાં ફક્ત તા. ૧, ૨, ૩, ૪ અને ૫મી તારીખ શુભ છે. તે પછી કમુરતા શરૂ થશે જે છેક દિવાળી પછી ઉતરશે. દિવાળી બાદ નવેમ્બર મહિનામાં માત્ર એક દિવસ તા. ૩૦મી નવેમ્બરે વિવાહનો યોગ છે. જ્યારે વર્ષના અંતિમ માસમાં ૯ દિવસ લગ્નો થઈ શકશે. જેમાં તા. ૧, ૨, ૫, ૬, ૭, ૧૨, ૧૩, ૧૪ અને ૧૫ ડિસેમ્બરે લગ્નો થઈ શકશે. લગ્નો માટે ફેવરીટ ગણાતા નવેમ્બર-ડિસેમ્બર માસમાં મુહૂર્ત ઓછા હોવાથી આ દિવસોમાં એક દિવસ દરમ્યાન વિક્રમજનક લગ્નો થશે.

મોંઘા બાસમતી ચોખાએ ગૃહીણીઓને ગમગીન કરી મુકી

ગત વર્ષ કરતાં ૮૦ થી ૧૦૦ ટકા ભાવમાં વધારો

ગાંધીનગર, તા. ૪

રસોઈ ઘરની ખાદ્ય સામગ્રીના ઉતાર ચઢાવથી ગૃહીણીઓ ત્રાહીમામ પોકારી ઉઠી છે. સિઝન મુજબ ભરવાની ખાદ્ય સામગ્રીઓ એક યા બીજા કારણોસર ગત વર્ષની તુલનાએ મોંઘી રહેતી હોવાથી ગૃહીણીઓમાં મુંઝારો વધી ગયો છે. બહારથી આવતા બાસમતી ચોખાએ તો ગૃહીઓને રીતસર રડાવી દીધી છે. ગત વર્ષ કરતા ૮૦ થી ૧૦૦ ટકાના ભાવ વધારાથી રસોઈ ઘરમાંથી ભાત અદ્રશ્ય થઈ જવાની ભીતી સૌ સેવી રહ્યા છે. જો કે અતિવૃષ્ટિના કારણો આગળ ધરી આ ભાવ વધારો થયો હોવાનું વેપારી વર્ગ જણાવી રહ્યો છે. પરંતુ અસહ્ય મોંઘવારીના મારથી સામાન્ય માણસને બે ટંક રોટલા પણ દોહ્યલા બનતા જાય છે.

જીવન જરૂરિયાતની ચિજવસ્તુઓ અને આવશ્યક એવી પ્રાથમિક જરૂરિયાતો દિન પ્રતિદિન મોંઘવારીના મારથી બેફામ બનતા સામાન્ય જીવન જીવતાં માણસ માટે ભરણપોષણ કઠીન બનતું જાય છે. ચાલુ વર્ષે ચોખા ભરવાની સિઝન શરૂ થતા જ બાસમતી ચોખાએ મોં ફેરવી લીધુ હોય તેમ તેની ખરીદી ગૃહીણીઓ માટે માથાનો દુઃખાવો બની છે. ગત વર્ષે ૬૦ થી ૮૦ રૂ.ની વચ્ચે એક કિલો મળતા ચોખા ચાલુ વર્ષે એટલે કે હાલ રૂ. ૧૧૦ થી ૧૪૦ ની વચ્ચે જુદી જુદી જાતોમાં મળી રહ્યા છે.

સિઝનેબલ ખાદ્યસામગ્રી ભરવાની પરંપરા જાળવવા જતાં ગૃહીણીઓ હાલ ઘરનું સમગ્ર બજેટ ખોરવાઈ જવાની ચિંતામાં પડી ગઈ છે. તાજેતરમાં શાકભાજીએ સીમા ઓળંગી હતી. અને હાલ ચોખાએ ચળકાટ બતાવ્યો છે. જેથી ગૃહીણીઓ ગમગીન બની બજેટને કેવી રીતે બેલેન્સ કરવું તેની પળોજળમાં પડી છે. જો કે એવરગ્રીન ગણાતા ગુજરાત-૧૭ ચોખામાં ભાવ જળવાઈ ૩૦ થી ૩૫ જ રહેતા બાસમતીનો વિકલ્પ પૂરો પાડી રહ્યા છે.

બાસમતી ચોખા ઉત્તર ભારતના પંજાબ, મસુરી, દહેરાદુનનું મુખ્ય ઉત્પાદન છે અને ત્યાંથી જ આખા ભારતમાં તેનું વેચાણ થાય છે. અતિવૃષ્ટિના કારણે ઓછુ ઉત્પાદન થવાનું કારણ તેમજ નિકાસ વધુ થયેલ હોવાથી માલની માંગ વધી જવાથી આ ભાવ વધારો જોવા મળી રહ્યો હોવાનું વેપારી વર્ગ જણાવી રહ્યા છે. દહેરાદુન બાસમતીની જાતોમાં દુન, કોહીનૂર, પરી, એરોપ્લેન, રેશમ, સાધુ, લાલકિલ્લો વગેરે બ્રાન્ડના ચોખા બજારમાં ઉપલબ્ધ છે જેમાં ગત વર્ષ કરતાં ૮૦ થી ૧૦૦ ટકા જેટલો ભાવ વધારો થયો છે. આ બ્રાન્ડમાં દુબાર, તીબાર અને આખા ચોખાના અલગ અલગ ભાવ છે. ખાદ્યસામગ્રીના ભાવો ઉપર સરકારી અંકુશ હોવો જોઈએ તેવા મત સાથે ગૃહીણીઓ રસોઈ ઘરની આ દૈનિક સમસ્યાથી છુટકારો ઈચ્છી રહી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૬
સૂર્યાસ્ત : ૫.૫૭

તાપમાન

મહત્તમ : ૨૮.૦ ડિ.સે.
લઘુત્તમ : ૦૯.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૩૩ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
શોલે- ૩ડી : ૯.૪૦, ૧.૪૦, ૫.૪૦, ૯.૪૦

: સ્ક્રીન-૨ :
મી. જોબી કારવલ હો : ૧૦.૧૦, ૧૨.૪૦, ૩.૧૦, ૫.૪૦, ૮.૧૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૨૫, ૨.૫૫, ૬.૨૫, ૯.૫૫

: સ્ક્રીન-૪ :
ધૂમ-૩ : ૯.૧૦, ૧૨.૪૦, ૪.૧૦, ૭.૪૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
મી. જોબી. કારવલ હો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
શોલે : ૧૦.૦૦, ૨.૦૦, ૬.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૦.૧૫, ૧.૩૦, ૫.૩૦, ૯.૩૦

મૂર્તા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :
આર..કુમાર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

વિરાગ, કલોલગ, કલોલ

ધૂમ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા રહેલી છે. સ્થાયી સંપતિ મળવાનો યોગ છે. તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. કુટુંબમાં શુભ કાર્યો થશે.

વૃષભ : અટવાયેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે. યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

મિથુન : ભૂમિ -સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે. મનોકૂળ કાર્ય થઈ શકશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે.

કર્ક : આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે. નવા કાર્યો વિચાર, યોજના મોકૂફ રાખવી. આર્થિક વિવાદોથી નુકસાન થઈ શકે છે.

સિંહ : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોમાં વિશેષ કાર્યો થઈ શકે છે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે. ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે.

કન્યા : આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. આપને સતાવતી કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે.

તુલા : શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં માંગલિક કાર્ય થશે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થશે. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફ થઈ શકે છે.

વૃશ્ચિક : આવકના સ્ત્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. આપને આજે ઋણથી મુક્ત થઈ શકશો. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

ધન : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

મકર : આર્થિક સ્ત્રોતોથી લાભ પ્રાપ્ત થશે. રાજકીય સ્ત્રોતોથી ધન પ્રાપ્તિ થવાની સંભાવના છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે.

કુંભ : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રા થઈ શકે છે. મનોરંજન કલા આમોદ-પ્રમોદના કાર્યોમાં રૂચિ વધશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર સંયમ રાખવો.

મીન : આર્થિક સમસ્યાઓ પર કામ થશે. આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે. વિરાધીઓ પરેશાન કરી શકે છે.

ચિરવિદાય

- સ્વ. પ્રભાશંકરભાઈ કરશનભાઈ બામટા(ઉ.વ. ૭૬)પ્લોટ નં. ૪૬૩/૨, સેકટર-૩/સી, ગાંધીનગર.
- સ્વ. રમેશભાઈ ગોવિંદભાઈ પરમાર (ઉ.વ. ૫૦) પ્લોટ નં. ૫૩૩/૨, સેકટર-૧૩/એ, ગાંધીનગર.
- સ્વ. ચન્દ્રિકાબેન કનૈયાલાલ જોશી (ઉ.વ. ૭૮) પ્લોટ નં. ૧૦૭૩/૨, સેકટર-૩/ડી, ગાંધીનગર.
- સ્વ. જશીબેન કનુભાઈ પઢીયાર (ઉ.વ. ૩૦) ઘ-૭, સર્કલ પ્રેસ ચોકડી પાસેના છાપરાં , ગાંધીનગર.